# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 16-11-2025** **Evening : 7.10 to 7.20 PM**

**Day : Sunday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **સોનલ પરમાર** વાંચે છે.

---

1) 8 અને 9 જાન્યુઆરીએ રાજકોટમાં યોજાનાર વાયબ્રન્ટ ગુજરાત પ્રાદેશિક પરિષદોથી સૌરાષ્ટ્ર-કચ્છમાં વિકાસ, રોકાણ અને નવી તકોને પ્રોત્સાહન મળશે
2) સરદાર વલ્લભભાઈ પટેલની 150મી જન્મજયંતિ નિમિત્તે રાજ્યભરમાં આજે એકતા પદયાત્રા યોજાઇ
3) રાજસ્થાનના જોધપુર–બાલેસર ધોરીમાર્ગ પર ટેમ્પો અને ટ્રક વચ્ચે અકસ્માત થતાં ગુજરાતનાં 6 શ્રદ્ધાળુઓનાં મોત
4) આગામી સાત દિવસમાં રાજ્યના લઘુત્તમ તાપમાનમાં બે થી ત્રણ ડિગ્રીનો ઘટાડો થવાની શક્યતા
5) રાજકોટમાં રમાયેલી બિનસત્તાવાર બીજી ODI ક્રિકેટ મેચમાં દક્ષિણ આફ્રિકા A સામે ભારત Aનો 9 વિકેટે વિજય

--------------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# VGRC

બીજી વાયબ્રન્ટ ગુજરાત પ્રાદેશિક પરિષદો આગામી 8 અને 9 જાન્યુઆરી એ રાજકોટમાં યોજાશે. કચ્છ અને સૌરાષ્ટ્રને કેન્દ્રમાં રાખીને યોજાનાર આ પરિષદોથી સૌરાષ્ટ્ર-કચ્છમાં વિકાસ, રોકાણ અને નવી તકોને પ્રોત્સાહન મળશે. તેમાં કૃષિ , ખાણકામ, પ્રવાસન અને ઔદ્યોગિક વિકાસ જેવા મુખ્ય વિષયો પર સેમિનાર યોજાશે.

રાજકોટ ખાતે યોજાનાર આ પ્રાદેશિક પરિષદો અગાઉ ડિસેમ્બરમાં 11 જિલ્લા-સ્તરીય કાર્યક્રમોનું આયોજન કરાયું છે. અમરેલી , ભાવનગર, બોટાદ, દેવભૂમિ દ્વારકા, ગીર-સોમનાથ, જામનગર, જૂનાગઢ, કચ્છ, મોરબી, પોરબંદર અને સુરેન્દ્રનગરમાં જિલ્લાકક્ષાના કાર્યક્રમોનું આયોજન કરાશે.

ઉલ્લેખનીય છે કે, મહેસાણામાં યોજાયેલી પ્રથમ વાયબ્રન્ટ ગુજરાત પ્રાદેશિક પરિષદમાં 3 લાખ 25 હજાર કરોડના પ્રસ્તાવિત રોકાણ સાથે એક હજાર 264 સમજૂતી કરાર- MoU પર હસ્તાક્ષર થયા હતા.

. . . . . .

# UNITY MARCH

દેશના લોખંડી પુરુષ અને રાષ્ટ્રનિર્માતા ભારતરત્ન સરદાર વલ્લભભાઈ પટેલની 150મી જન્મજયંતિ નિમિત્તે રાજ્યભરમાં આજે યુનિટી માર્ચ એટલે કે એકતા પદયાત્રાનું આયોજન કરાયું. નવસારી શહેરમાં આદિજાતિ મંત્રી નરેશ પટેલે એકતા પદયાત્રાનું પ્રસ્થાન કરાવ્યું. આ એકતા પદયાત્રામાં 5 હજારથી વધુ લોકો જોડાયા. અમદાવાદના નિકોલ વિસ્તારમાં તિરંગા યાત્રા અને બાઇક રેલીનું આયોજન કરાયું જેમાં 2 હજાર ફૂટ લાંબો ત્રિરંગો આકર્ષણનું કેન્દ્ર બન્યો. આ પ્રસંગે કેબિનેટ મંત્રી જીતુ વાઘાણી અને રાજ્યમંત્રી દર્શના વાઘેલા હાજર રહ્યા હતા. રાજ્યમંત્રી પ્રવીણ માળીની ઉપસ્થિતિમાં બનાસકાંઠાના ડીસા ખાતે પણ એકતા પદયાત્રા યોજાઈ. આ પ્રસંગે તેમણે યુવા પેઢી દેશના વિકાસની સૌથી મોટી શક્તિ ગણાવી.

(બાઇટ : પ્રવીણ માળી – મંત્રી)

આરોગ્ય મંત્રી પ્રફુલ પાનસેરિયાએ સુરતના કામરેજમાં વાલક પાટીયા , લસકાણાથી ડાયમંડ નગર પોલીસ ચોકી સુધી યોજાયેલી એકતા પદયાત્રાનું પ્રસ્થાન કરાવ્યું. ગીર સોમનાથ જિલ્લાના વેરાવળ તાલુકાના સવની થી સોમનાથ સુધીની જિલ્લાકક્ષાની ભવ્ય પદયાત્રા યોજાઈ હતી

. . .

# ACCIDENT

રાજસ્થાનના જોધપુર–બાલેસર ધોરીમાર્ગ પર ટેમ્પો અને ટ્રક વચ્ચે અકસ્માત થતાં ગુજરાતનાં 6 શ્રદ્ધાળુઓનાં મોત થયાના અહેવાલ છે. બનાસકાંઠા અને ધનસુરાથી ટેમ્પોમાં આશરે 20 જેટલા શ્રદ્ધાળુઓ રામદેવરા દર્શન કરવા જઈ રહ્યા હતા તે દરમિયાન રાજસ્થાનના ખારી બેરી ગામ નજીક ટેમ્પો અનાજથી ભરેલા ટ્રક સાથે અથડાતાં અકસ્માત થયો જેમાં ત્રણ મહિલાઓના ઘટનાસ્થળે જ જ્યારે અન્ય ત્રણ લોકોનાં સારવાર દરમિયાન મોત થયા હતા. ઘટનામાં 14 લોકોને ઇજા પહોંચતા સારવાર અર્થે હોસ્પિટલ ખસેડાયા હતા. ઘટના અંગે પોલીસ વધુ તપાસ હાથ ધરી છે.

. . .

# BHAVNAGAR - COLLECTOR

ભાવનગર ઝોનના અધિક કલેક્ટરે રોડ-રસ્તાની નબળી કામગીરી કરનાર કોન્ટ્રાક્ટરો સામે કાર્યવાહી કરવાની ભલામણ કરી છે.

અધિક કલેકટરે ભાવનગર ઝોન હેઠળ કાર્યરત અમરેલી જિલ્લાની અમરેલી , લાઠી અને દામનગર નગરપાલિકા તથા ભાવનગર જિલ્લાની સિહોર નગરપાલિકાના ડિફેક્ટ લાયેબિલિટી પિરિયડ (ડી.એલ.પી.) અને નોન ડી.એલ.પી. રોડ-રસ્તાની સ્થળ મુલાકાત દરમિયાન આ ભલામણ કરી હતી.

અધિક કલેક્ટરે સ્થળ પર જ નગરપાલિકાના ચીફ ઓફિસરોને નબળી કામગીરી કરનાર કોન્ટ્રાક્ટર , કંપની સામે તાત્કાલિક કાર્યવાહી શરૂ કરી બ્લેકલિસ્ટ કરવાની સ્પષ્ટ સૂચના આપી હતી. આ કામગીરી બાદ તંત્ર દ્વારા રિપોર્ટ રાજ્ય સરકારને મોકલવામાં આવશે, જેથી આગળની કાર્યવાહી ઝડપથી થઈ શકે.

. . . . . . . .

# HNGU NEW COURSE

પાટણની હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીમાં નવા કોર્સ અને અનુસ્નાતક અભ્યાસક્રમ અંગે મહત્વના નિર્ણય લેવાયા. કુલપતિ ડો. કે.સી. પોરીયાની અધ્યક્ષતામાં યોજાયેલી એકેડેમિક કાઉન્સિલની બેઠકમાં જૈનોલોજી અંતર્ગત સ્ક્રીપ્ટોલોજી એટલે કે લીપિશાસ્ત્રનો 30 કલાકનો સર્ટિફિકેટ કોર્સ શરૂ કરવાનો નિર્ણય લેવાયો, જેમાં જૈન ટ્રસ્ટ સહાય કરશે.

ઉપરાંત, રાણકીવાવ, મોઢેરા અને સિદ્ધપુર જેવા પાટણના ઐતિહાસિક સ્થળોના પુરાતત્વીય સંશોધન માટે 30 કલાકનો ગાઈડ સર્ટિફિકેટ કોર્સ પણ શરૂ કરવાનો વિચાર કરાયો.

આ ઉપરાંત નવી શિક્ષણ નીતિ મુજબ એન્જિનિયરિંગના અભ્યાસક્રમમાં પીએચડી માટે ચાર વર્ષનો અભ્યાસક્રમ અમલમાં મુકાશે. હાલના ત્રણ વર્ષ ઉપરાંત બે વર્ષના કોર્સને ચાર વર્ષમાં વિસ્તારી , અનુસ્નાતકનું વર્ષ એક વર્ષનું રહેશે. ચાર વર્ષના અનુસ્નાતક કોર્સના કારણે પીએચ.ડી. માટે ગાઈડની લાયકાત ધરાવતા અધ્યાપકો ચોથા વર્ષમાં માર્ગદર્શન આપી શકશે.

. . . . . .

# HARSH SANGHVI KHODALDHAM

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ આજે રાજકોટના ખોડલધામ મંદિરે પૂજા અને દર્શન કર્યા. તેમણે ખોડલધામના અધ્યક્ષ નરેશ પટેલ અને ટ્રસ્ટી મંડળ સાથે બેઠક યોજી. આ પ્રસંગે શ્રી સંઘવીએ ખોડલધામને રાષ્ટ્ર શક્તિ અને ધર્મશક્તિનું સંગમ ગણાવ્યું.

(બાઇટ : હર્ષ સંઘવી – નાયબ મુખ્યમંત્રી)

. . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફૉલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

.................

# STATE- WEATHER

આગામી 7 દિવસ સુધી રાજ્યમાં વાતાવરણ સુકું રહેશે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, ઉત્તર –પૂર્વ દિશામાંથી પવનો ફૂંકાશે , જેના કારણે આગામી દિવસોમાં લઘુત્તમ તાપમાનમાં બે થી ત્રણ ડિગ્રીનો ઘટાડો થવાની શક્યતા છે.

રાજ્યમાં ઠંડીનું જોર ધીમે-ધીમે વધી રહ્યું છે, સતત બીજા દિવસે કચ્છના નલિયામાં 12 ડિગ્રી તાપમાન નોંધાતા તે રાજ્યનું સૌથી ઠંડું શહેર બન્યું છે. રાજ્યમાં લઘુત્તમ તાપમાન 20 ડિગ્રીથી નીચે જતાં તમામ જિલ્લાઓમાં ઠંડીનો અનુભવ થયો છે.

રાજ્યના અનેક શહેરોમાં 20 ડિગ્રીથી ઓછું તાપમાન નોંધાયું , જેમાં કંડલા એરપોર્ટ – 14.6 ડિગ્રી , રાજકોટ – 14.5, વડોદરા – 14.4, ગાંધીનગર 15.5, અમદાવાદ –16.6, સુરતમાં – 18.6 ડિગ્રી તાપમાન નોંધાયું.

. . . . . .

# RAJKOT INDIA–SA MATCH

રાજકોટના નિરંજન શાહ સ્ટેડિયમ ખાતે રમાયેલી એક દિવસીય ક્રિકેટની બિનસત્તાવાર ત્રણ મેચની શ્રેણીની બીજી મેચમાં આજે દક્ષિણ આફ્રિકા A સામે ભારત Aનો 9 વિકેટે ભવ્ય વિજય થયો છે. દક્ષિણ આફ્રિકા તરફથી મળેલા 133 રનના લક્ષ્યાંકને ભારતે 27 ઓવર અને 5 બોલમાં હાંસલ કર્યો. દક્ષિણ આફ્રિકાએ ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરતા 132 રનમાં ઓલઆઉટ થઈ ગયું.

ભારત તરફથી નિશાંત સિંધુએ સૌથી વધુ 4 વિકેટ ઝડપી હતી. 133 રનના લક્ષ્યાંકનો પીછો કરતાં ઋતુરાજ ગાયકવાડ અને અભિષેક શર્માએ ભારતને મજબૂત શરૂઆત અપાવી હતી. ઋતુરાજ ગાયકવાડ અડધી સદી નોંધાવતા 68 રન બનાવ્યા. આ જીત સાથે ભારતે દક્ષિણ આફ્રિકા સામેની ત્રણ મેચની શ્રેણીમાં 2-0ની આજે સરસાઈ મેળવી છે.

. . . . . . . . . . . .

# BAAL SAHITYA PURSKAR

ગુજરાતની ત્રણ પ્રતિભાશાળી લેખિકાઓને રાષ્ટ્રીય સાહિત્ય અકાદમીનો બાળ સાહિત્ય પુરસ્કાર 2025 એનાયત કરાયો.

આ વર્ષે રાષ્ટ્રીય બાળદીને નવી દિલ્હીના ત્રિવેણી કળા સંગમ ખાતે આ આયોજન કરાયું હતું. પુરસ્કાર પ્રાપ્ત ત્રણેય લેખિકાઓએ જેમાં કીર્તિદા બ્રહ્મભટ્ટનું "ટીંચક" ગુજરાતી ભાષા માટે, પ્રીતિ પૂજારાને "બાલવિશ્વમ" સંસ્કૃત ભાષા માટે અને હિના અગનાની 'હીર' ને - "આસમાની પરી " સિંધી ભાષા માટે આ પુરસ્કાર એનાયત થયા છે.

દરમિયાન ત્રણેય લેખિકાઓએ આ રાષ્ટ્રીય સન્માનને પોતાની સાહિત્યિક સફરની મહત્વપૂર્ણ સિદ્ધિ ગણાવી અને બાળકો માટે લલીત , સંવેદનશીલ તથા મૂલ્યવત્તા સાહિત્ય સર્જવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી.

. . . . . . .

# JAMNAGAR - PRESS DAY

જામનગર જિલ્લા કલેકટર કેતન ઠક્કરના અધ્યક્ષસ્થાને તથા સંયુક્ત માહિતી નિયામક મિતેશ મોડાસિયાની ઉપસ્થિતિમાં રાષ્ટ્રીય પ્રેસ દિવસની ઉજવણી કરાઈ.

આ કાર્યક્રમનો મુખ્ય વિષય "વધતી જતી ખોટી માહિતી વચ્ચે પ્રેસની વિશ્વસનીયતાનું રક્ષણ" પર ઉપસ્થિત મહાનુભાવોએ ઊંડાણપૂર્વક માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. આ પ્રસંગે જિલ્લા કલેક્ટરે તંત્ર અને મીડિયા વચ્ચે તંદુરસ્ત વાતાવરણ કેળવી નાગરિકોના ફાયદા માટે સાથે મળીને કામ કરવા આહ્વાન કર્યું.

સંયુક્ત માહિતી નિયામક મિતેશ મોડાસિયાએ જણાવ્યું હતું કે સત્ય અને જનહિતને પ્રાથમિકતા આપી પ્રેસની વિશ્વસનીયતા અને ગૌરવનું જતન કરવુ એ આપણા સૌની નૈતિક જવાબદારી છે.

. . . . . . . . . . . . .

# PANCHMAHAL EXAM

પંચમહાલ જિલ્લાના ગોધરા ખાતે અધ્યાપક બનવા માટે જરૂરી **જીસેટ પરીક્ષા** આજે **શાંતિપૂર્ણ માહોલમાં** સંપન્ન થઈ. આ પરીક્ષા **શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી**ના કુલપતિ **પ્રોફેસર હરિભાઈ કાતરીયા** ના માર્ગદર્શન હેઠળ ગોધરાના 7 કેન્દ્રો પર લેવાઈ. કુલ **3 હજાર 53માંથી 2 હજાર 497 ઉમેદવારોએ** ગોધરા ખાતેના વિવિધ કેન્દ્રો પર પરીક્ષા આપી.

. . . . . . . . . . . . .